હક્કો અનામત પ્રકાશકની લેખિત પૂર્વમંજૂરી વગર કોઈપણ સ્વરૂપે સંપૂર્ણ કે આંશિક પુનઃ પ્રકાશન પ્રતિબંધિત છે.

વર્ષ : ૧૦ અંક: ૭૫

Alembic
Touching Lives over 100 years

**ALEMBIC PHARMACEUTICALS LIMITED**

**Regd. Office:** Alembic Road, Vadodara - 390 003
**CIN:** L24230GJ2010PLC061123
**Website:** www.alembic-india.com;
**Email:** apl.investors@alembic.co.in
**Ph:** 0265-2280550; **Fax:** 0265-2282506

**NOTICE**

NOTICE is hereby given pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, that a meeting of the Board of Directors of the Company will be held on Wednesday, 27th April, 2016, *inter-alia* to consider and approve the Audited Financial Results of the Company for the financial year ended on 31st March, 2016.

**For Alembic Pharmaceuticals Limited**

Sd/-
**Ajay Kumar Desai**
Vice President-Finance & Company Secretary

Place: Vadodara
Date: 18th April, 2016

The Notice is also available at Investor Section of the Company's website www.alembic-india.com and Corporate Announcement Section of Stock Exchanges website www.nseindia.com and www.bseindia.com

## અનુસંધાન: પેજ ૧

### TCSએ ઈન્ફીનો ટ્રેન્ડ જાળવ્યો: Q4 કામગીરી સારી

ટીસીએસના જણાવ્યા અનુસાર ત્રીજા ક્વાર્ટરની તુલનામાં માર્જિન ૦.૦૪ ટકા ઘટીને ૨૨.૩ ટકા રહ્યું છે. ટીસીએસે ચોથા ત્રિમાસિક ગાળામાં ₹૬,૪૧૩ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે, જે અગાઉના વર્ષના સમાન ગાળાની તુલનામાં ૭૨.૭ ટકા વૃદ્ધિ દર્શાવે છે. અગાઉના વર્ષે કંપનીનો નફો ₹૩,૭૧૩ કરોડ હતો. કંપનીની આવક ૧૭.૫ ટકા વધીને ₹૨૮,૪૪૯ કરોડ થઈ છે, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ₹૨૪,૨૨૦ કરોડ હતી. ટીસીએસના સીઈઓ અને એમડી એન ચંદ્રસેકરને જણાવ્યું હતું કે, "સિઝનલી નબળા ગણાતા ચોથા ત્રિમાસિક ગાળામાં અમારા કોર પોર્ટફોલિયોની કામગીરી પ્રોત્સાહક રહી છે. બેન્કિંગ, ફાઈનાન્શિયલ સર્વિસિસ અને ઈન્શ્યોરન્સ (BFSI), રિટેલ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરનું વોલ્યુમ મજબૂત રહ્યું છે. નવા નાણાકીય વર્ષમાં આ સેગમેન્ટ અમને સારું મોમેન્ટમ પૂરું પાડશે." કંપનીની ભારતમાંથી થતી વાર્ષિક આવક આ વખતે એક અબજ ડોલરના સીમાચિહ્નને વટાવી ગઈ છે. ડિજિટલ પ્લેટફોર્મમાં રોકાણની સારી અસર જોવા મળી છે. કંપનીની ડિજિટલ આવક ૨.૩ અબજ ડોલર

કરવિભાગના સિનિયર અધિકારીના જણાવ્યા પ્રમાણે ઓક્ટોબર ૨૦૧૨માં ભૂમિગત થયેલી એરલાઈને ટિકિટના વેચાણ પર એકત્ર કરેલો સર્વિસ ટેક્સ સરકારમાં જમા કરાવ્યો નથી અને આ નાણાંનો ઉપયોગ અન્ય હેતુ માટે કરવામાં આવ્યો છે. માલ્યા હાલ યુકેમાં છે અને ઈડીના ત્રણ સમન્સ છતાં ભારતમાં હાજર થવાનું નામ નથી લેતા. માલ્યાએ હાજર થવા માટે મે મહિના સુધીનો સમય માંગ્યો છે. ઈડીએ માલ્યાને ૧૮ માર્ચ અને બીજી એપ્રિલે તથા ત્યાર બાદ ૯ એપ્રિલે હાજર થવા ફરમાન કર્યું હતું.

### નિફ્ટી 200 DMA ઉપર બંધ: તેજીને વેગ મળશે

ઈન્ડિયા ઈન્ફોલાઈનના ડેરિવેટિવ્ઝ હેડ હેમંત નાહટાએ જણાવ્યું હતું કે, "નિફ્ટીને ૭,૯૭૨ની સપાટીએ અવરોધ નડવાનો અંદાજ છે. ડેરિવેટિવ્ઝ ડેટા પ્રમાણે ૮,૦૦૦ના કોલ ઓપ્શન્સમાં સૌથી વધુ પોઝિશન નોંધાઈ છે, જે ટૂંકા ગાળામાં બજારને પ્રતિકાર પૂરો પાડી શકે. ઈન્ફોસિસ, અલ્ટ્રાટેક, આઈશર મોટર્સ અને 200 DMAને વટાવનારા અન્ય શેરોને ફંડામેન્ટલ્સનો મજબૂત ટેકો છે, જે આ શેરોમાં મોમેન્ટમ ચાલુ રાખશે."